# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-07-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

-------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે સહકારિતા મંત્રાલયના ચાર વર્ષ પૂર્ણ થવા નિમિત્તે આણંદમાં અમૂલ અને NDDBના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યું. શ્રી શાહે જણાવ્યું સહકારી સમિતિઓનું દેશના આર્થિક વિકાસમાં મહત્વનું યોગદાન છે.

(બાઇટ: અમિત શાહ ON SAHKARITA)

તેમણે ઉમેર્યું કે બે લાખ નવી પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ, સહકાર વિશ્વવિદ્યાલય, અનાજના ઉત્પાદન અને વેચાણ સાથે સંબંધિત ત્રણ સહકારી મંડળી અને ડેરી સાથે જોડાયેલી ત્રણ સહકારી મંડળી આ તમામ એક સાથે મળીને દેશના સહકારિતા આંદોલનને વધુ મજબૂત બનાવશે. શ્રી શાહે શ્યામપ્રસાદ મુખર્જીની જન્મજયંતી નિમિત્તે શ્રદ્ધાંજલિ આપતા કહ્યું કે શ્યામપ્રસાદ મુખર્જી ના હોત તો કાશ્મીર ભારતનો અભિન્ન હિસ્સો ન હોત.

(બાઇટ: અમિત શાહ ON SYAMAPRASAD)

. . . . . . . . . . .

# Rain

**રાજ્યમાં વરસાદની મોસમ જામી છે. આજે સવારે છ વાગ્યાથી 12 વાગ્યા સુધીમાં 99 તાલુકામાં વરસાદનાં અહેવાલ છે. તાપી જિલ્લાના**

**ડોલવણ, બારડોલી અને વ્યારા તાલુકા અને ડાંગ જિલ્લાના સુબીર તાલુકામાં ત્રણથી ચાર ઇંચ વરસાદ વરસ્યો છે.**

**તાપી જિલ્લાના અમારા પ્રતિનિધિ નિરવ કંસારા જણાવે છે કે,** મીંઢોળા નદીમાં ઘોડાપુરની પરિસ્થિતિ સર્જાતા નદી બે કાંઠે વહી રહી છે. જિલ્લાની નદીઓમાં પાણીની ભરપૂર આવક થતા નદી નાળાઓ પર આવેલ 61 માર્ગ બંધ કરવામાં આવ્યા છે. મૂશળધાર વરસાદને પગલે તૂટી ગયેલા રોડ રિપેર કરવામાં આવ્યા. વ્યારા તાલુકાના ભાનાવાડીથી ખુશાલપુરા તરફ જતો માર્ગ પાણીમાં ગરકાવ થઈ ગયો છે.

ડાંગ જિલ્લાના અમારા પ્રતિનિધી મુનીરા શેખ જણાવે છે કે, સારા વરસાદને પગલે જિલ્લાની મુખ્ય ચાર નદીઓ- અંબિકા, ગીરા, ખાપરી અને પૂર્ણા નદીઓ બે કાંઠે વહી રહી છે. ગીરાધોધમાં પાણીની આવક વધી છે, જ્યારે  આહવા નજીક શિવ ઘાટ પાસે નયનરમ્ય દ્રશ્યો સર્જાતા લોકો મોટી સંખ્યામાં આવી રહ્યા છે.

મહેસાણા જિલ્લાના અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે, જિલ્લામાં અત્યાર સુધી સરેરાશ 34.45 ટકા વરસાદ વરસ્યો છે. વિજાપુર તાલુકામાં સૌથી વધુ 55.45 ટકા અને બહુચરાજીમાં સૌથી વધુ 16.41 ટકા વરસાદ થયો છે.

ભરૂચ શહેર અને જિલ્લામાં ગઇ મધ્યરાત્રિથી સતત વરસાદને કારણે જળબંબાકારની પરિસ્થિતિનું નિર્માણ થયું છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા લોકોના ઘર નજીક પાણી ઘૂસી જવાની ફરિયાદો મળી છે અને ટ્રાફિક વ્યવસ્થામાં વિક્ષેપ ઉભો થયો છે.

. . . . . . . . . . .

# CR PATIL SURAT

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે આજે સુરતમાં ૪ દિવ્યાંગજનોને ઈ-ટ્રાઈસિકલની ભેટ આપી. દેશમાં સૌપ્રથમવાર એક સાથે ૪ દિવ્યાંગજનોને ઈ-ટ્રાઈસિકલ અર્પણ કરી સન્માન કરાયું છે. આ દિવ્યાંગો ભરતકામ, બુક બાઈન્ડિંગ, પેપર વિતરણ, કંકોત્રી, કાર્ડ મેકિંગનું કામ કરી અન્ય પર આધારિત ન રહેતા આત્મનિર્ભર બની સન્માનભર્યું જીવન જીવી રહ્યા છે. આ દિવ્યાંગોમાં ચાર ભાઈઓ અને ચાર બહેનો છે, જેઓએ ઈ સાયકલની ભેટ મળવા બદલ શ્રી પાટીલનો આભાર વ્યક્ત કર્યો હતો.

. . . . . . . . . . .

# Road Accident

રાજ્યમાં બે અલગ અલગ માર્ક અકસ્માતોમાં ચાર વ્યક્તિનાં મૃત્યુ થયા છે.

લુણાવાડા-ગોધરા હાઇવે પર જોખા ગામ પાસે બાઇક અને કાર વચ્ચે અકસ્માતમાં પિતા પુત્ર નું ઘટના સ્થળે જ મૃત્યુ થયાં છે.

મહેસાણાના મોટપ ચોકડી નજીક બે ટ્રેલર અથડાતા સર્જાયેલા અકસ્માતમાં બે લોકોનાં મૃત્યુ થયા છે અને એકને ગંભીર ઇજા થઈ છે.

. . . . . . . . . . .

# WESTERN RAILWAY APPEAL

અમદાવાદ રેલવે મથક પર પુનર્વિકાસ કાર્ય ચાલી રહ્યું છે. સાથે જ હાલ અમદાવાદ શહેરમાં વરસાદને કારણે ટ્રાફિક જામની પણ શક્યતા રહે છે.

જેને પગલે પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળના જન સંપર્ક અધિકારી અજય સોલંકીએ મુસાફરોને પોતાની નિર્ધારિત ટ્રેનના પ્રસ્થાન સમયથી ઓછામાં ઓછું 30 મિનિટ પહેલાં રેલવે મથક પર પહોંચી જવા અનુરોધ કર્યો છે.

. . . . . . . . . . .

# Shyamaprasad Mukherjee

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને સહકાર રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્માએ સ્વાતંત્ર્યસેનાની સ્વર્ગસ્થ શ્યામાપ્રસાદ મુખરજીની જન્મજયંતી નિમિતે શ્રધ્ધાંજલિ અર્પણ કરી છે.**

**વિધાનસભા પોડિયમમાં સદ્દગતના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરતા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, સ્વર્ગસ્થ મુખરજી કાશ્મીરના મુદ્દે ખૂબ જ સક્રિય અને ચિંતિત હતા અને દેશમાં એક વિધાન-એક નિશાન-એક પ્રધાન સિદ્ધાંતના શિલ્પકાર પણ હતા.**

. . . . . . . . . . .

# GCCI AGM

ગુજરાત વેપાર અને ઉદ્યોગ મંડળ-GCCIની 75મી વાર્ષિક સામાન્ય સભા અમદાવાદ ખાતે યોજાઇ. વર્ષ 2025-26 માટે કાર્યકાળ ચાલુ રાખવાના સમારોહ પણ યોજાયો. આ કાર્યક્રમમાં રાજ્યભરમાંથી વેપાર અને ઉદ્યોગ ક્ષેત્રના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સભા દરમિયાન, પ્રમુખ સંદીપ એન્જિનિયર દ્વારા પાછલા વર્ષ દરમિયાન હાથ ધરવામાં આવેલી મુખ્ય પહેલો અને સીમાચિહ્નરૂપ ઘટનાઓનું વિહંગાવલોકન રજૂ કરાયું હતું. તેમણે વર્ષને સફળ બનાવવા બદલ તમામ સભ્યો અને હિતધારકોને તેમના સહયોગ બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

. . . . . . . . . . .

# Siddhpur One Nation One Election

એક રાષ્ટ્ર, એક ચૂંટણી" ની પહેલને જન જન સુધી પહોંચાડવા માટે સિધ્ધપુર કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂત તથા પૂર્વ સાંસદ જયશ્રીબેન પટેલની ઉપસ્થિતિમાં ગઈ કાલે સિધ્ધપુરમાં પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાયું.

આ સંમેલનમાં બલવંતસિંહ રાજપૂત અને જયશ્રીબેન પટેલ દ્વારા પ્રબુદ્ધજનોને ‘એક દેશ, એક ચૂંટણી’ના મહત્વ અને તેના ઉદ્દેશ્યો વિશે

ઊંડાણપૂર્વક સમજણ આપવામાં આવી હતી અને આ સમજ લોકો સુધી પહોંચાડવા આહવાન કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . .

# MAHORAM

આજે મોહરમ છે. આ દિવસ પૈગમ્બર મોહમ્મદના દોહિત્ર હઝરત ઈમામ હુસૈન અને તેમના શિષ્યોની શહાદતની યાદમાં મનાવાય છે. પંચમહાલ જિલ્લામાં ગોધરા સહિતનાં સ્થળોએ કલાત્મક તાજીયા તૈયાર કરવામાં આવ્યા. ગોધરા શહેરમાં ઈશ્કે હુસેની ચોકમાં મહારાષ્ટ્ર નાગપુર ખાતે આવેલી બાબા તાજમુદ્દીન ઓલિયાની દરગાહનું તાજીયારૂપે નિર્માણ કરવામાં આવ્યું છે. જે શહેરમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

. . . . . . . . . . .